**આકાશવાણી-ભુજ**

**સમાચાર વાચક:- વિરલ રાણા**

**કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)**

**તારખ:-16-03-2024** **સમય:-સાજે ૬.૨૫ કલાકે**

---

## લોકસભા ચૂંટણી મતદાન તારીખ

દેશમાં લોકસભા ચૂંટણીના 18માં જંગ માટે એલાન થયું છે. લોકસભાની 543 બેઠકો માટે 7 તબક્કામાં મતદાન હાથ ધરાશે. 19મી એપ્રિલે પ્રથમ તબક્કામાં 102 બેઠકો માટે મતદાન થશે. 26મી એપ્રિલે બીજા તબક્કામાં 89 બેઠકો, 7મી મેએ ત્રીજા તબક્કામાં 94 બઠેકો, 13મી મે ચોથા તબક્કામાં 96 બેઠકો, 20મી મે પાંચમા તબક્કામાં 49 બેઠકો, 25મી મે છઠ્ઠા તબક્કામાં 57 બેઠક અને સાતમા અંતિમ તબક્કામાં 1લી જૂને 57 બેઠકો પર મતદાન થશે. બધી જ બેઠકોની મત ગણતરી 4થી જૂનના હાથ ધરાશે.

દરમિયાન ગુજરાતમાં ત્રીજા તબક્કામાં 26 લોકસભા બેઠકો પર એક જ દિવસે 7મી મેએ મતદાન થશે. અને 4 જૂને મતગણતરી થશે. આ સાથે જ ગુજરાતની પોરબંદર, માણાવદર, વીજાપુર, ખંભાત અને વાઘોડિયા વિધાનસભા બેઠકો પર પેટાચૂંટણી પણ યોજાશે. ગુજરાતમાં ચૂંટણીનું જાહેરનામું 12મી એપ્રિલે બહાર પડશે. 19મી સુધી ઉમેદવારી નોધાવી શકાશે. 20મીના ચકાસણી અને 22મી એપ્રિલે ઉમેદવારી પત્ર પાછા ખેંચાતા ચિત્ર સ્પષ્ટ થશે.

પદ્દણીભાઈ

---

## ગુજરાત ખરીદ નીતિ – 2024

રાજ્ય સરકારે આત્મનિર્ભર ભારત અને મેક ઇન ઇન્ડિયા પહેલને વધુ વેગવાન બનાવવાના ધ્યેય સાથે 'ગુજરાત ખરીદ નીતિ-૨૦૨૪' જાહેર કરી છે. આ નવી નીતિ આગામી પહેલી એપ્રિલથી અમલમાં આવશે. તે રાજ્યના તમામ સરકારી વિભાગો, જિલ્લા કચેરીઓ, સત્તાવાળાઓ, ગ્રાન્ટ-ઇન-એઇડ સંસ્થાઓ, બોર્ડ, નિગમો,

સોસાયટીઓ દ્વારા વસ્તુ અને સેવાઓના પ્રોક્યોરમેન્ટને આવરી લેશે.તેમજ સૂક્ષ્મ, કુટિર, નાના સાહસો, ખાસ કરીને એસસી-એસટી અને મહિલા ઉદ્યોગ સાહસિકોની માલિકીની ખરીદીને પ્રોત્સાહિત કરશે.

આ નીતિ અંતર્ગત સરકારી માલિકીની સંસ્થા અથવા જાહેર ક્ષેત્રના એકમો પાસેથી ૧૫ લાખ, સરકાર માન્ય સંસ્થાઓ પાસેથી ૫ લાખ રૂપિયા તેમજ સ્ટાર્ટઅપ્સ પાસેથી ૧૫ લાખ રૂપિયા સુધી ટેન્ડર વિના ખરીદી કરવાની મર્યાદા નક્કી કરવામાં આવી છે.

**RNU અમદાવાદ**

---

## આરોગ્ય કર્મચારી પગાર

રાજ્ય સરકારે રાષ્ટ્રીય સ્વાસ્થ્ય મિશન હેઠળ ૧૧ માસના કરાર આધારિત કાર્યરત ટેકનિકલ અને નોન ટેકનિકલ ૧૦૦ જેટલી કેડરમાં  આરોગ્ય કર્મીઓના પગારમાં ૨૫% નો વધારો  કર્યો છે. રાજ્યના અંદાજિત ૨૬ હજાર  થી વધુ આ નિર્ણયનો લાભ મળશે. ૧૧ મહિનાનો કરાર પૂર્ણ થતા પુન: નિમણૂક વખતે આરોગ્ય કર્મચારીઓને  પાંચ ટકાનો વધારો આપવામાં આવશે. આ વધારો પહેલી માર્ચ 2024 થી અમલમાં ગણાશે.

**RNU અમદાવાદ**

---

## ગુ.હા. બોર્ડ – રક્મ ક્લિયરન્સ સેલ યોજના

રાજ્યસરકારે  ગુજરાત હાઉસીંગ બોર્ડ તથા સ્લમ કલીયરન્સ સેલની યોજનાઓમાં ૧૦૦ ટકા પેનલ્ટી માફીની મુદત  આગામી ૩૦ સપ્ટેમ્બર સુધી લંબાવવાનો નિર્ણય કર્યો છે.  આ નિર્ણયથી આ  જુની યોજનાઓમાં ૬૧ હજાર ૩૧૦ જેટલા બાકી રહેતા લાભાર્થીઓના પરિવારજનોને પણ લાભ મળી શકશે.

આ ઉપરાંત  સમય-મર્યાદામાં હપ્તા ભરી ન  શકનારા લાભાર્થીઓ માટે પણ વાર્ષિક ૮ ટકા વ્યાજના દરે પેનલ્ટીની જોગવાઇને લીધે બાકીના વ્યાજમાં પણ ઘટાડો કરવાનો નિર્ણય કરાયો છે.

---

## દરિયાઈ નિર્જન ટાપુ પ્રતિબંધ - જાહેરનામું

રાષ્ટ્રીય સલામતી અને જાહેર વ્યવસ્થાને ધ્યાને લઈ તેમજ આતંકવાદી, દેશદ્રોહી પ્રવૃત્તિને રોકવા કલેકટર અમિત અરોરા દ્વારા જાહેરનામુ બહાર પડાયું છે. જે અંતર્ગત કચ્છની આંતરરાષ્ટ્રીય દરીયાઈ સીમાએ આવેલ અતિ સંવેદનશીલ એવા 21 ટાપુઓ પર રાષ્ટ્રવિરોધી અને દાણચોરી જેવી ગેરકાયદેસર અને અસામાજિક પ્રવૃત્તિઓ કરતાં વ્યકિતઓ સહેલાઈથી આ દરીયાઈ ટાપુઓ ઉપર આશ્રય લે છે. જેથી આ ટાપુઓ પર પ્રવેશ કરવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

**મા.ખા.**

---

## ટોલ ટેક્ષ જાહેરનામું

રાજય સરકારના જુદા જુદા જાહેરનામાઓથી કચ્છ જિલ્લા.માં નેશનલ હાઇવે ઉપર નિયત કરેલ સ્થજળોએ જુદા જુદા ટોલ પ્લાતઝા ખાતેથી વાહનો પાસેથી નિયત કરેલ ચાર્જ વસુલ કરવામાં આવે છે. આ અંગે નિયત એજન્સીલ સાથે કરાર કરી ચાર્જ વસુલ કરવાનો અધિકાર આપવામાં આવેલ છે. જે માટે મોખા, સામખીયાળી, સુરજબારી, માખેલ અને ધાણેટી ટોલ પ્લાઝા લોકેશન નિયત કરાયાં છે. સરકારના જાહેરનામા ઉલ્લેખ થયા અનુસાર વાહનોને ટોલટેક્ષ ભરવામાંથી મુકિત આપવામાં આવી છે. અથવા કન્સેશન આપવાની જોગવાઇ કરવામાં આવી છે. આ જાહેરનામું આગામી તારીખ ૧૨મી મે ૨૦૨૪ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કે ઉલ્લં ઘન કરનાર શિક્ષાને પાત્ર થશે.

**મા.ખા.**

---